# વડોદરા જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અનુકૂલનના સંદર્ભમાં અભ્યાસ

**ડૉ. જીજ્ઞેશ બી. પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર,ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર
Mo. 9429429550 Email:-drjigp@gmail.com
**મનીષકુમાર વી. પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કાર બી.એડ. કોલેજ, પીપળીયા, વડોદરા
Mo. 9427850642 Email:- mvpatel2502@gmail.com

આદિમાનવથી આધુનિક માનવી બનવા સુધી માનવીએ ઘણો લાંબો સમય પસાર કર્યો છે, વિકાસની જુદીજુદી અવસ્થાઓ માંથી પસાર થયો છે. માનવ જ્યારે જંગલોમાં રહેતો હતો. ત્યારે તેનું વર્તન પ્રાણીઓ જેવુ જ હતું પરંતુ ધીમે ધીમે માનવીએ પોતાની બુદ્ધિ નો ઉપયોગ કરીને વિકાસ સાધ્યો. દરેક વ્યક્તિની બુદ્ધિ એક સરખી હોતી નથી પરિણામે તેના વર્તનમાં ફેરફાર જોવા મળે છે. તેવી રીતે દરેક વિદ્યાર્થી તેની બુદ્ધિ ક્ષમતા અનુસાર અનુકૂલન વ્યવહાર કરે છે. માનવીમાં સામાજિક બુદ્ધિ ત્યારે જ વિકસી શકે કે જ્યારે માનવીનો જૈવિક વારસો કે શારીરિક વારસો સમૃધ્ધ હોય જૈવિક વારસાને સીધે સીધો બુદ્ધિ સાથે સબંધ જોવા મળે છે દરેક માનવીમાં સામાન્ય સંવેદના હોય છે. પરંતુ તેની કક્ષા અલગ અલગ હોય છે, સાંવેગિક બુદ્ધિએ વ્યક્તિની કાર્યશીલતા અને તેના વિવિધ પરિણામો જોઈ શકાય છે. સાંવેગિક બુદ્ધિ એ નવો અને લોક પ્રિય શબ્દ છે. ગોલમેન તેને સાંવેગિક બુદ્ધિની ક્ષમતાઓ તરીકે ઓળખાવે છે. તે સાંવેગિક બુદ્ધિના પાંચ લક્ષણો આત્મવિશ્વાસ, સહાનુભૂતિ, સિધ્ધી માટે નો હેતુ સતત સ્વ સુધારણા અને અન્યને પ્રભાવિત કરવા તરીકે ઓળખાવે છે.

માનવીએ ઉત્તર જીવન જીવવા માટે પોતાની આસપાસના ભૌગોલિક અને સામાજિક પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાનું હોય છે. જ્યારે વ્યક્તિ કુટુંબ, મિત્રો કે વ્યવસાય સાથે અનુકૂલન સાધી ન શકે ત્યારે તેમાંથી જીવનમાં એક પ્રકારની હતાશા ઊભી થતી હોય છે. અનુકૂલન સાધવાની જરૂરિયાત વ્યક્તિની આંતરિકસ્થિતિ માંથી અથવા બાહ્ય પરિસ્થિતિ માંથી ઉદ્ભવે છે. પ્રત્યેક વ્યક્તિને જરૂરિયાતો, ઈચ્છાઓ અને પ્રેરણાઓ હોય છે, તેને સંતોષવા માટે અને તાણનું નિવારણ કરવા વ્યક્તિ પ્રયત્ન કરે છે. પોતાની જાત સાથેના અનુકૂલનનો પ્રયત્ન છે, તેજ રીતે બાહ્ય પરિસ્થિતિ ક્ષણે ક્ષણે બદલાતી રહે છે. આ દબાણોનું નિવારણ તો જ થઈ શકે જો વ્યક્તિ બદલાયેલી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધે.

આમ સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલનના ક્ષેત્રો સંશોધન માટે ખુબ જ મહત્વના છે. આજની શિક્ષણ વ્યવસ્થા અને વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને ક્ષમતા વગેરેનો અભ્યાસ જગત માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય તેમ છે તેથી આ વિષય પર સંશોધન કરવામાં આવ્યું છે.

- ❖ **સમસ્યાકથન :** વડોદરા જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અનુકૂલનના સંદર્ભમાં અભ્યાસ :
- ❖ **સૈદ્ધાંતિક વ્યાખ્યા :** ગોલમેન (1998) ના મતાનુસાર.: સાંવેગિક બુદ્ધિએ આપના પોતાના અને અન્યોના સંવેગોને ઓળખવા માટેની આપણને પ્રેરિત કરવા માટેની અને આપણામાં તથા આપના સબંધોમાં સંવેગોને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટેની ક્ષમતા છે.
- ❖ **અનુકૂલન :** “અનુકૂલનને એક પ્રક્રિયા તરીકે ગણવામાં આવી છે કે જેમાં વ્યક્તિ તેની જાત અને તેના પર્યાવરણ વચ્ચે સુસંવાદી સબંધ ઉત્પન્ન કરવા તેના વર્તનમાં ફેરફાર કરે છે.” –કૌલબી.એન.(1988)
- ❖ **સંશોધનના હેતુઓ :**

કોઈપણ કાર્યની પાછળ ચોક્કસ હેતુ રહેલો છે હેતુ વગરના કાર્યની સ્થિતિ સુકાન વિનાની નાવ જેવી થાય છે, અભ્યાસના હેતુઓ સમગ્ર સંશોધન કાર્યનો મધ્યવર્તી ભાગ છે હેતુ વગરના સંશોધન કાર્યનો કોઈ અર્થ રહેતો નથી, પ્રસ્તુત અભ્યાસના હેતુ નીચે મુજબના છે.

1. વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ કરવો.
2. વિદ્યાર્થીઓના અનુકૂલન ક્ષમતાનો અભ્યાસ કરવો.
3. વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલન વચ્ચેનો સબંધ ચકાસવો.
4. વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો જાતિ, વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનના ચલ :** પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ચલોના આધારે સંશોધન કાર્ય હાથ ધરવામાં આવેલ છે.

| ક્રમ | ચલ | કક્ષા | ચલપ્રકાર |
|---|---|---|---|
| 1 | સાંવેગિક બુદ્ધિ | ___ | પરતંત્ર ચલ |
| 2 | અનુકૂલન | ___ | મુખ્ય સ્વતંત્ર ચલ |
| 3 | જાતિ | છોકરીઓ | ગૌણ સ્વતંત્ર ચલ |
| | | છોકરાઓ | ગૌણ સ્વતંત્ર ચલ |
| 4 | વિસ્તાર | ગ્રામીણ | ગૌણ સ્વતંત્ર ચલ |
| | | શહેરી | ગૌણ સ્વતંત્ર ચલ |
| 5 | શાળાઓ | સરકારી શાળાઓ | ગૌણ સ્વતંત્ર ચલ |
| | | ખાનગી શાળાઓ | ગૌણ સ્વતંત્ર ચલ |

- **અભ્યાસની ઉત્કલ્પનાઓ:**

1. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલનના સંદર્ભમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સહસબંધ નહીં હોય.
2. ઉચ્ચ પ્રાથમિક શાળાના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
4. ઉચ્ચ પ્રાથમિક શાળાના સરાસરી અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
5. ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
6. ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
7. ઉચ્ચ પ્રાથમિક શાળાના શહેરી વિસ્તારની સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
8. ઉચ્ચ પ્રાથમિક શાળાના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા છોકરીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
9. ઉચ્ચ પ્રાથમિક શાળાના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા છોકરાઓના સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
10. ઉચ્ચ પ્રાથમિક શાળાના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતી છોકરીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
11. ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા છોકરાઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

12. ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી છોકરીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
13. ઉચ્ચપ્રાથમિક શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તરમાં અભ્યાસ કરતા સરકારી શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
14. ઉચ્ચપ્રાથમિક શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તરમાં અભ્યાસ કરતા ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ માપદંડના મેળવેલ પ્રાપ્તાકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

❖ **અભ્યાસનું મહત્વ :**

પ્રસ્તુત અભ્યાસથી ઉ.પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ કક્ષાની માહિતી મળશે. વિદ્યાર્થીઓની અનુકૂલન ક્ષમતા જાણી શકાશે, અભ્યાસની પ્રગતિ અને વિકાસ સાથે પોતાના સંવેગો પર નિયંત્રણ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવી શકાશે, વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિના સંદર્ભમાં અનુકૂલન ક્ષમતા જાણી શકાશે. વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે પણ આ સંશોધનના તારણો ઉપયોગી બની શકે તેમ છે.

સંશોધનના તારણોના આધારે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની અનુકૂલન ક્ષમતા કેવી છે તે જાણી શકશે કારણ કે વિદ્યાર્થીના શૈક્ષણિક કાર્ય દરમ્યાન જો તે અનુકૂલન ન સાધી શકે તો ઘણી બધી સમસ્યાઓ ઉદ્ભવે છે. તેના લીધે તે ઉચિત શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી. ક્યારેક વૈફલ્યમાં સારી પડે છે, અને પરિણામે વિદ્યાર્થી પોતાના ધ્યેય સુધી પહોંચી શકતો નથી. માટે અસંશોધન અભ્યાસથી વિદ્યાર્થીઓને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપી શકાય છે. વર્તમાન સમયમાં જે શિક્ષકો ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય કરી રહ્યા છે, તેમના માટે આ અભ્યાસના તારણો ઉપયોગી બની શકે તેમ છે, આમ આ અભ્યાસ બધાના માટે ઉપયોગી બની રહે તેમ છે.

❖ **અભ્યાસનું સીમાંકન :** આ સંશોધન અભ્યાસ વડોદરા જિલ્લાની સરકારી તથા ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વર્ષ ૨૦૧૮–૧૯ ના ધો–૮ ના ગુજરાતી માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓ પૂરતો રહેશે.

❖ **અભ્યાસની મર્યાદાઓ :** પ્રસ્તુત સંશોધન અભ્યાસ વડોદરા જિલ્લાની સરકારી તથા ખાનગી ઉ.પ્રા. શાળાઓના વર્ષ ૨૦૧૮–૧૯ ના ધો ૬–૭ ના વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા નથી. હિન્દી કે અંગ્રેજી માધ્યમની શાળાઓ લેવામાં આવી નથી. આ ઉપરાંત વિદ્યાર્થીઓની કૌટુંબિક સ્થિતિ સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિ જેવી બાબતો મર્યાદાઓ બની શકે છે.

- **ઉપકરણ :** પ્રસ્તુત સંશોધનમાં સાંવેગિક બુદ્ધિ માપન માટે સંશોધક હિતેન્દ્રસિંહ પી. રાણા સંકલિત "સાંવેગિક બુદ્ધિ માપદંડ" નો ઉપયોગ કરવામાં આવ્યો છે. અનુકૂલન ક્ષમતા માપન માટે સંશોધક ચૌહાણ અલ્પના એન. રચિત " અનુકૂલન પ્રશ્નસંશોધની" નો ઉપયોગ કરવામાં આવેલ છે.
- **વ્યાપવિશ્વ :** આ અભ્યાસ વડોદરા જિલ્લાની ઉ.પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૧૮–૧૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બનશે.
- **નમૂના:** "સંશોધનના વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરતો હોય તેવો વ્યાપવિશ્વનો એક ભાગ એટલે નિદર્શ"

  પ્રસ્તુત સંશોધનમાં વડોદરા જીલ્લાના આઠ (૮) તાલુકાઓની શાળાઓ માંથી દરેક તાલુકામાંથી બે (૨) સરકારી અને બે (૨) ખાનગી શાળાઓની યાદચ્છિક નમૂના દ્વારા લોટરી પધ્ધતિથી પસંદ કરવામાં આવી છે ત્યાર બાદ પસંદ થયેલી શાળાઓ માંથી ૨૦–૨૦ વિદ્યાર્થીઓ લોટરી પધ્ધતિથી પસંદ કરવામાં આવ્યા આમ કુલ ૩૨ શાળાઓ જેમાં ૧૬ સરકારી અને ૧૬ ખાનગી શાળાઓના કુલ ૬૪૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા છે.
- **સંશોધન પધ્ધતિ :** સર્વેક્ષણ પદ્ધતિ : પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેથી સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલન અંગેની વિદ્યાર્થીઓની પ્રવર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવવા વિશાળ પ્રમાણમા માહિતી એકત્રિકરવાની હોવાથી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.
- **માહિતી પૃથક્કરણ અને વિશ્લેશણ :** સંશોધન અભ્યાસ માટે મેળવેલ માહિતીનું પૃથક્કરણ વ્યવસ્થિત રીતે કરવામાં આવે તો જ ઉત્કલ્પનાઓની ચકસની યોગ્ય રીતે થઈ શકે છે, વિદ્યાર્થીઓ પાસેથી ભરાવીને આવેલ પ્રશ્નાવલીને શાળાના વિસ્તાર, પ્રકાર અને જાતિ પ્રમાણે વિભાજિત કરી ગુણાંકન ચાવી મુજબ બરાબર તપાસી ગુણાંકન કરવામાં આવ્યું વિવિધ યોજના સંદર્ભમાં ગુણાંક મેળવ્યા બાદ આંકડાશાસ્ત્રીય પદ્ધતિ મુજબ વિશ્લેષણ માટે સરાસરી, પ્રમાણિત વિચલન,'t' કસોટીનો ઉપયોગ કર્યો હતો. સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલનના માપદંડ કસોટીના પ્રાપ્તાંકોના આધારે સરાસરી, પ્રમાણિત વિચલન, મધ્યક શોધવામાં આવ્યા અને t ટેસ્ટનો અને સહસબંધ ગણતરીનો ઉપયોગ કરી પૃથક્કરણ કરવામાં આવ્યું, ઉત્કલ્પનાઓના સંદર્ભમાં પૃથક્કરણ કરી તારણો તારવવામાં આવ્યા.
- **સંશોધનના તારણો :**
  1. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના ધો–૮ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને અનુકૂલન વચ્ચે સાર્થક ધન સહ સબંધ જોવા મળ્યો છે.
  2. વડોદરા જિલ્લાના ઉ.પ્રાથમિક શાળાના ધો–૮ ના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ સમાન જોવા મળેલ છે.

3. વડોદરા જિલ્લાની શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારની શાળાઓના ધો–૮ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળેલ છે.
4. વડોદરા જિલ્લાની સરકારી અને ખાનગી શાળાઓના ધો–૮ ના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિમાં સાર્થક તફાવત જોવા મળ્યો છે.
5. વડોદરા જિલ્લાની ઉ. પ્રા. શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળેલ છે.
6. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના શહેરી વિસ્તારના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળેલ છે.
7. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના ગ્રામ્ય વિસ્તારના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિમાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ ઊંચી જોવા મળે છે.
8. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળે છે.
9. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળે છે.
10. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સરકારી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સરખી નથી.
11. વડોદરા જિલ્લાની ઉ.પ્રા.શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા ખાનગી શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સરખી જોવા મળે છે.

❖ **ઉપસંહાર :** પ્રસ્તુત અભ્યાસ ખૂબ જ નાના ક્ષેત્ર પર નિશ્ચિત સમય મર્યાદામાં હાથ ધરવામાં આવ્યો છે છાતા પણ અભ્યાસકે શૈક્ષણિક સંશોધનમાં બધા જ માપદંડોને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ હાથ ધારવાનો પ્રયાસ કર્યો છે અભ્યાસ દ્ધારા મળેલ તારણો ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંસ્થાઓ તથા અન્ય સંશોધકો માટે ઉપયોગી થાય તેવો પ્રયાસ કરેલ છે.

❖ **સંદર્ભ નોંધ :**

અંધારીયા આર. (2008)અધ્યેતા – સ્વરૂપ અને વિકાસ, અમદાવાદ : વારીષેણ પ્રકાશન

દોંગા એન. (2012)અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

ઉચાટ,ડી.એ(2012)શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર,રાજકોટ:પારસ પ્રકાશન

Goleman, Daniel (1998).Working with Emotional Intelligence. New York: Bantam Books.